|| શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ||

પુસ્તક ૪૨

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૭૩, આસો સુદ - ૧૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર પૂજ્ય સંયમી ગીતાર્થ ગુરુ ભગવંતોના ચરણોમાં વંદન... જિનાજ્ઞા આરાધક શ્રેષ્ઠિવર્યશ્રી / પંડિતવર્ય શ્રી આદિ યોગ્ય પ્રણામ..

જિનશાસનનો આધાર છે શ્રુતજ્ઞાન...મંદિરો ધ્વંસ થતાં નવા મંદિરો ઉભા થઇ શકે છે. પણ પૂર્વના વિદ્વાન જ્ઞાની મહાપુરુષો દ્વારા પરંપરા પ્રવાહ પ્રાપ્ત વિવિધ પદાર્થોથી સંકલિત શાસ્ત્રગ્રંથો નષ્ટ થતાં નવા સર્જકોથી નૂતન ગ્રંથો તો રચાશે, પણ એ પૂર્વના પુણ્યપદાર્થો કાયમ માટે અપ્રાપ્ય થઇ જાય છે. આવા એક શુભ આશય અને વિચારોને સમર્પિત શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ વગેરે જેવી સંસ્થાઓ દ્વારા પ્રાચીન ગ્રંથોના પુનમુદ્રણ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોમાં એક અદ્ભુત ક્રાંતિ આવી જ છે. આવા કાર્યોમાં કેટલાક શ્રાવકોનું પણ અદ્ભુત યોગદાન હોય છે. પૂજ્ય આગમોદ્ધારક સાગરાનંદસૂરિજી દ્વારા અનેક આગમો મુદ્રિત થયા તેમાં સુરતના શ્રેષ્ઠી દેવચંદ લાલભાઇ વગેરે જેવા શ્રાવકોનો સહયોગ પણ ખૂબ સરાહનીય ગણાય. પૂજ્યપાદ હરિભદ્રસૂરિશ્વરજીએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી એમાં પણ એમને ગ્રંથ રચનામાં સહાયક રાત્રીમાં પ્રકાશ કરનાર રત્નો આપનાર લલ્લિગ નામના શ્રાવકને પણ કેમ વિસારી દેવાય ? મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા જૈન શાસનને મળ્યા એમાં ધનજી શૂરા નામના શ્રાવકના યોગદાનનું મૂલ્ય ઓછુ શી રીતે અંકાય ? કે જેણે અવસરોચિત સહાય કરી. અનેક અવસરોએ સૂરિ શ્રમણોએ જે અભૂતપૂર્વ શ્રુતરક્ષા અને શ્રુતસર્જનો કર્યા છે, એમાં તત્કાલીન શ્રાવકોનું પ્રદાન પણ આદરણીય છે જ. કેટલાક ધનાઢ્ય શ્રાવકો ધનથી તો કેટલાક તનથી આ પ્રકારની સેવા બજાવે છે.

ભીમસિંહ માણેક અને હીરાલાલ હંસરાજ જેવા શ્રાવક રત્નોએ સ્વયં ગ્રંથ સંશોધન-સંપાદન કરી છપાવ્યા છે. કલકત્તાના રાયબહાદુર ધનપતસિંહજીએ સૌપ્રથમ શાસ્ત્રગ્રંથોના હસ્તલેખનમાંથી મુદ્રણની ક્રાંતિ કરી.

આજે પણ સંઘ-સમાજમાં દૂરંદેશી નજર કરતાં આવા શ્રાવક રત્નો આપણી નજર સામે આવ્યા વિના રહે નહિ. જેમાના કેટલાક તો સમાજમાં સાવ અલ્પ પરિચિત હોય છે. જેની ક્યાંય નોંધ પણ લેવાતી નથી.

શ્રુતજ્ઞાન ક્ષેત્રને ઉજાગર કરવાના અનેક પ્રયત્નોના ભાગ રૂપે આવા શ્રુતસમર્પિત શ્રાવકો સંદર્ભે પણ કંઇક નવો અભિગમ અપનાવવો જોઇએ. અન્ય સમુદાયમાં શ્રુતક્ષેત્રે કાર્યરત અનેક શ્રાવકો જોવા મળે છે. પ્રસિદ્ધ છે... શ્વેતામ્બરોમાં પણ એવું કંઇક શું થઇ શકે તે વિચારણીય છે.

આશા રાખું છે કે વિદ્વાન વિચારકો આ તરફ અંગુલી નિર્દેશ કરે..

જિનાજ્ઞા વિરુદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામી દુક્કડમ્....

" दासोऽहं सर्व साधूनाम् "

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

# સંવત ૨૦૭૩ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | સૂક્તિ સુધા ભા-૧ | આ. હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | સંઘવી અંબાલાલ રતનચંદ |
| ૨ | સવૃતિક આગમસુત્તાણી ભા-૧ થી ૪૫ | પૂ. દીપરત્નસાગરજી | સં | વર્ધમાન જૈન આગમમંદિર |
| 3 | ચત્વાર કર્મ ગ્રંથ | આ. ચંદ્રગુપ્તસૂરિજી | સં | અનેકાંત પ્રકાશન |
| ૪ | શતકનામા પંચમકર્મ ગ્રંથ | આ. ચંદ્રગુપ્તસૂરિજી | સં | અનેકાંત પ્રકાશન |
| ૫ | ઉપમિતિ ભવપ્રપંચ કથા ૧ થી 3 | આ. ચંદ્રગુપ્તસૂરિજી | સં | અનેકાંત પ્રકાશન |
| ૬ | તર્ક સંગ્રહ | પૂ. મનિતપ્રભસાગરજી | સં/હિ | જિનકાન્તીસાગરસૂરિજી સ્મારક |
| ૭ | અધ્યાત્મકલ્પદ્રુમ | આ. જગચ્ચંદ્રસૂરિજી | સં/ગુજ | સુરેન્દ્રસૂરિ તત્વજ્ઞાન શાળા |
| ૮ | ઓઘ નિર્યુક્તિ | પૂ. ધર્મરત્નવિજયજી | સં | માનવ કલ્યાણ સંસ્થાન |
| ૯ | જંબૂ ચરિતમ્ | પૂ. ધર્મરત્નવિજયજી | સં | માનવ કલ્યાણ સંસ્થાન |
| ૧૦ | અર્હન્નામસહસ્રકમ્ | પૂ. ધર્મરત્નવિજયજી | સં | માનવ કલ્યાણ સંસ્થાન |
| ૧૧ | ભક્તામર સ્તોત્રમ્-પધાનુવાદ | પૂ. ધર્મરત્નવિજયજી | સં/ગુજ | માનવ કલ્યાણ સંસ્થાન |
| ૧૨ | પંચસૂત્રમ્ | પૂ. હિતવર્ધનવિજયજી | સં/ગુજ | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૧૩ | તત્ત્વાર્થધિગમસૂત્ર-૧, ૨ | શ્રી ચંદ્રકાન્ત મહેતા | સં/ગુજ | ચંદ્રકાંત મહેતા (usa) |
| ૧૪ | સમજ કા સંબલ | આ. યશોવર્મસૂરિજી | હિં | નિલેશભાઇ આર. શેઠ |
| ૧૫ | પધારો સાહેબજી | પૂ. ધર્મરત્નવિજયજી | હિં | માનવ કલ્યાણ સંસ્થાન |
| ૧૬ | નિત્યચિંતન માળા ભા-૧ થી ૮ | આ. નિત્યસેનસૂરિજી | હિં | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૧૭ | મધુકર મંથન ભા- ૧ થી ૮ | આ. જયંતસેનસૂરિજી | હિં | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૧૮ | વિવિધ દેવવંદન | આ. રત્નસેનસૂરિજી | હિં | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૧૯ | કર્મગ્રંથ ભા-૨, 3 | આ. રત્નસેનસૂરિજી | હિં | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૨૦ | કર્મગ્રંથ | ડૉ. નીલંજનાશ્રીજી મ. સા. | હિં | જિનકાન્તીસાગરસૂરિજી સ્મારક |
| ૨૧ | મુદ્રાયોગ એક અનુસંધાન | સા. સૌમ્યગુણાશ્રીજી | હિં | પ્રાચ્ય વિદ્યાપીઠ |
| ૨૨ | સાધના કા ઐશ્વર્ય | પૂ. મનિતપ્રભસાગરજી | હિં | જિનકાન્તીસાગરસૂરિજી સ્મારક |
| ૨૩ | આહાર પ્રબંધન | પૂ. મનિતપ્રભસાગરજી | હિં | જિનકાન્તીસાગરસૂરિજી સ્મારક |
| ૨૪ | બરસેગા સાવન | આ. હેમરત્નસૂરિજી | હિં | અર્હદ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ |
| ૨૫ | બંભી માલા (બ્રાહ્મી લિપિ) | સારિકા | હિં | સારિકા બી. જૈન |
| ૨૬ | પ્રભુ વીર કી શ્રમણ પરંપરા | ભૂષણ શાહ | હિં | મિશન જૈનત્વ જાગરણ |
| ૨૭ | જગ જયવંત જીરાવલા | ભૂષણ શાહ | હિં | મિશન જૈનત્વ જાગરણ |
| ૨૮ | સમજુતી ચી દોરી | આ. યશોવર્મસૂરિજી | મરાઠી | નિલેશભાઇ આર. શેઠ |
| ૨૯ | સત્ય કા અમીર સૌંદર્ય | પૂ. મનિતપ્રભસાગરજી | હિં | જિનકાન્તીસાગરસૂરિજી સ્મારક |
| 30 | સમય કે અમીત હસ્તાક્ષર | પૂ. મનિતપ્રભસાગરજી | હિં | જિનકાન્તીસાગરસૂરિજી સ્મારક |
| 3૧ | નારી જાતિ કે ગૌરવશાળી પૃષ્ઠ (સોલહ મહાસતી કથાનક ભા-૧થી 3) | પૂ. મનિતપ્રભસાગરજી | હિં | જિનકાન્તીસાગરસૂરિજી સ્મારક |
| 3૨ | Nav Tattva | આ. તીર્થપદ્મસૂરિજી | અં/હિં | નવભારત સાહિત્ય મંદિર |
| 33 | Sanskar ABCD | પ્રિયમ્ | અં | નવભારત સાહિત્ય મંદિર |
| 3૪ | Pearls of Wisdom | આ. યશોવર્મસૂરિજી | અં | નિલેશભાઇ આર. શેઠ |

# સંવત ૨૦૭૩ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૫ | આત્માની આંતર યાત્રા | ગ્રા.યશોવિજયસૂરિજી | ગુજ | ઓમકારસૂરિ જ્ઞાન મંદિર |
| ૩૬ | પર્યુષણ સાધના સંગ્રહ | આ.જિનમણિપ્રભસૂરિજી | હિં | ખરતરગચ્છ યુવા પરિવાર |
| ૩૭ | ખરતરગચ્છ મર્યાદા પટ્ટક | આ.જિનમણિપ્રભસૂરિજી | હિં | ખરતરગચ્છ મહાસંઘના આયોજક |
| ૩૮ | સમ્બોધ સુધા | આ.હેમચંદ્રસૂરિજી | ગુજ | સંઘવી અંબાલાલ રતનચંદ |
| ૩૯ | પરિવારની શાંતિ શાંતિનો પરિવાર | આ.રાજયશસૂરિજી | ગુજ | ગુર્જર સાહિત્ય પ્રકાશન |
| ૪૦ | જીવન નિર્માણ | આ.રાજયશસૂરિજી | ગુજ | ગુર્જર સાહિત્ય પ્રકાશન |
| ૪૧ | પત્ર ગંગા ભા- ૧ થી ૧૦ | પં.વજ્રસેનવિજયજી | ગુજ | ભદ્રંકર પ્રકાશન |
| ૪૨ | જિનેન્દ્ર પૂજા સંગ્રહ | આ.જયંતસેનસૂરિજી | ગુજ | રાજરાજેન્દ્ર પ્રકાશન |
| ૪૩ | જિનભક્તિ પયોધિ | આ.જયંતસેનસૂરિજી | ગુજ | રાજરાજેન્દ્ર પ્રકાશન |
| ૪૪ | પ્રવચનના અંશો-ષોડશક | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ | અનેકાંત પ્રકાશન |
| ૪૫ | અંશ વાચનાના અધ્યાત્મસાર | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ | અનેકાંત પ્રકાશન |
| ૪૬ | અંશ પ્રવચનના યોગ શતક | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ | અનેકાંત પ્રકાશન |
| ૪૭ | અંતરાયકર્મ નિવારણ પૂજા | પૂ.ધર્મરત્નવિજયજી | ગુજ | માનવ કલ્યાણ સંસ્થાન |
| ૪૮ | કાળ પરિવર્તન માંગે છે. | પૂ.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન |
| ૪૯ | દીક્ષા અપાવો તો ખરા | પૂ.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન |
| ૫૦ | સૂરિ પ્રેમ | પૂ.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન |
| ૫૧ | ચાતુર્માસિક મંડનાનિ | પૂ.સિદ્ધસેનવિજયજી | ગુજ | લબ્ધિભુવન સાહિત્ય સદન |
| ૫૨ | પ્રેઝન્ટ ફિલોસોફી | પ્રિયમ્ | ગુજ | નવભારત સાહિત્ય મંદિર |
| ૫૩ | સચિત્ર અષ્ટાપદ તીર્થની ભાવયાત્રા | પૂ.હિતવર્ધનવિજયજી | ગુજ | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૫૪ | આ છે સંસાર | પ્રિયમ્ | ગુજ | સુરત જૈન સંઘ |
| ૫૫ | સૂરિ પ્રેમગુણ સ્તવના | પૂ.ચારિત્રરત્નવિજયજી | ગુજ | પિંડવાડા જૈન સંઘ |
| ૫૬ | સુપાર્શ્વનાથ કથા | પૂ.હિતવર્ધનવિજયજી | ગુજ | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૫૭ | ઉલ્લાસ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૫૮ | ઉમંગ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૫૯ | ઉત્કર્ષ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬૦ | વેરાયટી | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬૧ | મેઘધનુષ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬૨ | ગુરુગુણ અમૃતવેલી રાસ | આ.જગચ્ચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૬૩ | કથા સુગંધ - ૧,૨ | પૂ.રાજપદ્મવિજયજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૬૪ | પુષ્પ વૃષ્ટિ | આ.યશોવર્મસૂરિજી | ગુજ | નિલેશભાઇ આર.શેઠ |
| ૬૫ | કથા પ્રસાદી | આ.યશોવર્મસૂરિજી | ગુજ | નિલેશભાઇ આર.શેઠ |
| ૬૬ | ચેતન મોહનિંદ અબ ત્યાગો | આ.યશોવર્મસૂરિજી | ગુજ | નિલેશભાઇ આર.શેઠ |
| ૬૭ | આશીર્વાદનું માનસરોવર | આ.યશોવર્મસૂરિજી | ગુજ | નિલેશભાઇ આર.શેઠ |
| ૬૮ | સાક્ષર શિરોમણી બ્રહ્મમૂર્તિ | આ.યશોવર્મસૂરિજી | ગુજ | નિલેશભાઇ આર.શેઠ |
| ૬૯ | સુવર્ણ પ્રસાદી | આ.યશોવર્મસૂરિજી | ગુજ | નિલેશભાઇ આર.શેઠ |

## સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

### પૂ. આ. શ્રી પુણ્યપાલસૂરિજી મ. સા. (પૂ. શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) પ્રતિક્રમણ પ્રશ્નોત્તર ભાગ-૧
(૨) લબ્ધિ પ્રશ્ન ભાગ-૧, ૨
(૩) પ્રશ્નોત્તર ભાસ્કર
(૪) પ્રેમ-ભુવન પ્રશ્નોત્તર પુષ્પમાલા
(૫) પ્રશ્નોત્તર બહોંતરી
(૬) પ્રશ્નોત્તર શતવિશિંકા
(૭) જિનપૂજા પ્રશ્નોત્તરી

### પૂ. આ. શ્રી મુક્તિવલ્લભસૂરિજી મ. સા. (પૂ. શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) સમયસાર કર્તા- દેવાનંદવિજયજી પુનઃ સંપાદન- સંશોધન સાથે

### પૂ. આ. ભાગ્યયશસૂરિજી મ. સા. (પૂ. શ્રી લબ્ધિસૂરિજી સમુદાય)

(૧) રૂપમંજરી નામમાલા - કર્તા રૂપચંદ્ર અદ્યાવિધ અપ્રગટ
(૨) શીઘ્રબોધ ભાગ-૧ થી ૨૫ - જ્ઞાનસુંદરવિજયજી - સંશોધન અને ભાષાંતર સાથે

### પૂ. આ. શ્રી રત્નાચલસૂરિજી (પૂ. શ્રી રાજેન્દ્રસૂરિજી સમુદાય)

(૧) ધન્નાશાલિભદ્ર મહાકાવ્ય - કર્તા પૂર્ણભદ્ર મહાગણિ - ભાષાંતર સાથે
(૨) કર્મ સ્તવ - ગોવિંદાચાર્ય ટીકા

### પૂ. શ્રી દીપરત્નસાગરજી (પૂ. શ્રી સાગરજી સમુદાય)

(૧) આચારાંગચૂર્ણિ (૨) સૂત્રકૃતાંગચૂર્ણિ (૩) આવશ્યકચૂર્ણિ ભાગ ૧ થી ૩
(૬) દશવૈકાલિકચૂર્ણિ (૭) ઉત્તરાધ્યયનચૂર્ણિ (૮) નન્દીસૂત્રચૂર્ણિ તથા વૃતિ
(૧૦) ભગવતીસૂત્ર વૃતિ-૧, ૨ (૧૧) આવશ્યક વૃતિ ૧ થી ૪ (૧૬) કલ્પસૂત્ર - વૃતિ
(૧૭) ઋષિભાષિત વૃતિ (૧૮) આગમસુક્તાવલિ
(૨૦) આગમસૂત્રાદિ ગાથા અને વિષયાનુક્રમ

આજના યુવાનો પ્રાયઃ અંગ્રેજી અને હિન્દી ભાષામાં અભ્યાસ કરે છે તેથી મુમુક્ષુઓ અને નૂતન સંયમીઓને અને દક્ષિણ ભારતમાં રહેતા ગુરુભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓ ને ગુજરાતીનું જ્ઞાન અલ્પ હોય છે. તેમને અનુલક્ષીને શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા જ્ઞાનદ્રવ્યથી બધા જ પ્રકરણ ગ્રંથોની ગાથા અને તેનો અર્થ હિન્દીમાં પ્રકાશિત કરવાનું આયોજન કરેલ છે.

(૧) જીવવિચાર
(૨) નવતત્ત્વ
(૩) ભાષ્યત્રયમ્
(૪) કર્મગ્રંથ ૧ થી ૬
(૫) દંડક
(૬) ઉપદેશમાળા
(૭) તત્ત્વાર્થસૂત્ર
(૮) અધ્યાત્મસાર
(૯) જ્ઞાનસાર

# નવલું નઝરાણું - પ્રિયમ્

શાસ્ત્રગ્રંથોના સારરૂપ પદાર્થોનું સંકલન તત્ત્વસભર પ્રવચન ઉપયોગી સાહિત્ય તેમજ લોકોપયોગી વિવિધ વિષયોના પુસ્તકો

## ડીજીટલ પ્રિન્ટીંગ

(૧) ત્રિપદી શતકમ્ - ૧, ૨, ૩
(૨) સંદર્ભ સંચય
(૩) સંદર્ભ સંગ્રહ
(૪) સંદર્ભ સમૂહ
(૫) સંદર્ભ સંદોહ
(૬) સંદર્ભ સંકલન
(૭) માર્ગાનુસારીતા
(૮) sun n fun
(૯) ચોમાસુ કરતા પહેલાં
(૧૦) સંસ્કાર ABCD
(૧૧) ગુરુ અમૃત કી ખાન
(૧૨) ભણતાં પહેલા
(૧૩) વરઘોડામાં જતા પહેલા
(૧૪) ડિલે ઇસ ડેન્જરસ
(૧૫) વિલંબ કરતા પહેલા
(૧૬) વર્ષીતપની રહસ્યયાત્રા
(૧૭) આપના માટેની ભવિષ્યવાણી
(૧૮) बुज्झिज्ज चितिउट्टेज्जा
(૧૯) સ્વપ્ન જિનશાસન
(૨૦) સવિ જીવ કરું શાસન રસી
(૨૧) શ્રમણ અભ્યાસક્રમ
(૨૨) અપ્પહિયં કાયવ્વં
(૨૩) દિવાળી ઉજવો તે પહેલા
(૨૪) રાતે ખાતા પહેલા

## પ્રકાશિત પુસ્તકો

(૧) માનવતા
(૨) આ છે સંસાર
(૩) સંયમ કબ હી મિલે
(૪) ચમત્કારોની દિલધડક દાસ્તાન
(૫) રામાયણમ્
(૬) પ્રેઝન્ટ ફીલોસોફી

સંપર્ક :- શા. બાબુલાલ સરેમલજી બેડાવાળા
મોબાઇલ : ૯૪૨૬૫૮૫૯૦૪ Email : ahoshrut.bs@gmail.com
લેખ / પુસ્તકની નકલ મેળવવા માટે પત્ર, પોસ્ટ, Whatsapp કે Email નામ એડ્રેસ સાથે કરવા વિનંતી છે. Do not use Phone Call

પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી દ્વારા લખાયેલા અને તેઓને મળેલ અગ્રણી શ્રાવકોના પત્રો અને જવાબોનો સંપૂટ ભાગ ૧ થી ૧૦ પૂ.પં.વ્રજસેનવિજયજી દ્વારા સંપાદિત ભદ્રંકર પ્રકાશનથી પ્રકાશિત કરવામાં આવેલ છે.

## સેવાભાવી સંસ્થાના નેતૃત્વના ગુણો - પૂ. ભવ્યસુંદરવિજયજી

(૧) આજ્ઞા ન કરો આલંબન આપો. " LEADERSHIP BY EXAMPLE"

જો હું પોતે ગ્લાન/વૃદ્ધનું પડિલેહણ કરવા સમયસર રોજ બંને ટાઇમ પહોંચું તો મારા શિષ્યો આવશે જ. "મારા માટે આ કામ નીચું છે." એવો ભાવ કદી ન લાવવો. કામ એ કામ છે. દરેક કામનું પોતાનું મહત્વ છે. એક પણ કામની ખરાબ ક્વોલીટી આખા પ્રોજેક્ટને બગાડી શકે. (સંચાલક - સંગીતકાર - ગાયક બધા સરસ હોય પણ માઇક જરી પુરાણું હોય તો..?)

(૨) જે કામ અઘરું હોવાથી / સામાન્ય કક્ષાનું લાગવાથી કોણ કરશે ? એવો પ્રશ્ન થતો હોય, તેવા કામ માટે પોતાનું નામ પહેલા લખાવો. (અને ઉલ્લાસથી પૂરી નિષ્ઠાથી કરો) કામની વહેંચણી વખતે પણ આવા કામ માટે પોતાની જ પસંદગી કરો. જે કામ COVETED હોય, પડાપડી થતી હોય તેવા કામ બીજા માટે છોડી દો. કદાચ પોતાની તેમાં વધુ કુશળતા હોય, તો તેવા કામ માટે બીજાને સાથે રાખીને તૈયાર કરો અને ધીમે ધીમે તેમના પર છોડતા જાવ.

(૩) માંડણી કરવા બધા આવતા હોય છે. વિસર્જન કરતી વખતે કોઇ નથી હોતું... વિસર્જન પૂર્ણ કરાવીને નીકળવાની ટેવ પાડો. તે જવાબદારી હંમેશા પોતાના માથે રાખો.

(૪) કાર્યની સફળતા / જશનો આનંદ બધાને લૂંટવા દો. તે વખતે ત્યાંથી સરકી જાવ. નિષ્ફળતા/આપત્તિના સમયે હાજર રહો, દોડી જાવ, લોકોને જવાબ આપવા ઉભા રહો, જવાબદારી સ્વીકારો, નીચેના કાર્યકરોનો બચાવ કરો, તેમને હિંમત આપો, આત્મવિશ્વાસ તૂટવા ન દો...

(૫) નવું કામ કરવામાં, પ્રચલિત કામ નવી રીતે કરવામાં કે.. નવી વ્યક્તિ પાસે કરાવવામાં ઉલ્લાસ દાખવો, એવા સાહસ જ અકલ્પનીય સફળતા અપાવી શકે છે. તેવા વિચારોને આવકારો, તોડી ન પાડો, કુંઠિત ન કરો, અવગણો નહીં. તેવી કલ્પનાશીલ વ્યક્તિઓને "THINK BANK" માં હંમેશા રાખો.

(૬) કોઇપણ વિચારણામાં પોતાનો અભિપ્રાય ક્યારે પહેલા આપવો અને ક્યારે છેલ્લે આપવો, તે વિવેક શીખો. બીજાના અભિપ્રાયને અવશ્ય સાંભળો.. ખુલ્લા દિલે તેના પર વિચારો " મારું તે સારું " નહીં " સારું તે મારું " નો અભિગમ રાખો. બીજાનો અભિપ્રાય ન સ્વીકારવાનો હોય તો શક્ય હોય તો કારણ જણાવો. "CONVINCE" કરો. તે પણ શક્ય હોય તો સામાનું દિલ સચવાય તે રીતે નિર્ણય જણાવો." શા માટે આમ ? તે હું જણાવી નથી શક્તો, પણ મારું દિલ એ તરફ છે. અને મારા આ અંતઃકરણના અવાજ પર મને ચાલવા દો...દરેક વખતે હું તમને "CONVINCE" નહીં કરી શકું. "

(૭) પોતાના અભિપ્રાયની વિરુદ્ધની વાત પણ તમે સ્વીકારો છો. એવી IMPRESSION ઉભી થવી જોઇએ..સરમુખત્યાર છે એવું ન લાગવું જોઇએ. એટલે દરેક વખતે તમારી વાત સાચી પડતી હોય તો પણ, ક્યારેક બીજાની વાત સ્વીકારો.

(૮) દરેક નિર્ણય પોતે કરવાનો આગ્રહ ન રાખો. કેટલાક નિર્ણય બીજાને સોંપી દો.. (દા.ત. યાત્રા પ્રવાસનું સ્થળ XYZ નક્કી કરે તે ફાઇનલ) અલબત્ત મહત્વના POLICY DECISIONS પર તમારું નિયંત્રણ જાળવી રાખો. બીજાને નિર્ણય સોંપીને તમારો અભિપ્રાય જણાવી શકો અને તેનાથી જુદો નિર્ણય સહર્ષ સ્વીકારો..

(૯) કદાચ તમારા આપેલ અભિપ્રાય વિરુદ્ધ થયેલું કાર્ય નિષ્ફળ જાય ત્યારે "હું નહોતો કહેતો.." તે રૂપે કદી યાદ ન કરવો. એ બૂમરેંગ થશે જ.. એક વાત યાદ રાખો " અભિપ્રાય વ્યક્તિગત હોય છે. નિર્ણય સામૂહિક જ હોય છે. તેની જવાબદારી બધાની છે - જેણે તેની વિરુદ્ધમાં મત આપ્યો હોય તેણે પણ " આ સિદ્ધાંત આત્મસાત્ કરાવો...

(૧૦) નિષ્ફળતા/આપત્તિ વખતે જેમને યાદ કરવાના હોય તેમને હંમેશા પહેલેથી વિશ્વાસમાં લો..

(૧૧) બીજાના સારા વિચારો-સૂચનોની, સંસ્થાના કાર્યમાં યોગદાનની, વ્યક્તિગત સુકૃતની-ઉપબૃહંણા વ્યક્તિગત/સમષ્ટિગત અવશ્ય કરો.. દરેક મિલનમાં અડધો કલાક / ૧૫ મિનિટ ખાસ આના માટે ફાળવવી જોઇએ. જેમાં સહુ એક બીજાની અનુમોદના કરી શકે.

(૧૨) નિર્ણયમાં મુંઝવણ હોય ત્યારે બધા વિકલ્પો અને તેના લાભ/નુકશાન (PROS/QUONS) ટપકાવીને પછી વિચારો.. અને તેમાં સાથે તે વિકલ્પની તરફેણમાં કઇ વજનદાર વ્યક્તિ છે, તે પણ ટપકાવો.

(૧૩) સફળતા કરતાં નિષ્ફળતા હંમેશા વધુ બોધદાયક હોય છે. બીજાની પણ નિષ્ફળતાના કારણોનું Analysis કરીને શીખો.

(૧૪) હિસાબની બાબતમાં બિલકુલ સ્પષ્ટ અને ચોખ્ખા રહો. "BATA PRICE" ની જેમ.. દરેક દાતાને પાતોના પૈસાનો પૂરો સદ્ઉપયોગ થાય તેવી ઇચ્છા હોય જ છે, હિસાબ કાર્યકરો વચ્ચે.. ઉપરાંત તે તે કાર્યના મુખ્ય દાતાઓને પણ આપવાથી સારી છાપ પડશે. અને તે પણ શીઘ્રતાથી થવું જોઇએ.

(૧૫) કાર્યકરોની ખાનદાની પર શ્રધ્ધા રાખો.. શ્રધ્ધા રાખવાથી, આલંબન આપવાથી ખાનદાની બહાર આવે છે જ. શિસ્ત પાળો, ટકોર કરો, પણ "કોઇ આવતું નથી - કરતું નથી" વિ.સ્વરૂપ કાગારોળ કદી ન કરો. વાસ્તવમાં કોઇ ન આવતું હોય તો પોતાની કાર્યશૈલી પર જ આત્મનિરીક્ષણ કરવું જોઇએ.

(૧૬) ઇર્ષ્યા એ સફળતાની જોડીયા બહેન છે. તેને સહજતાથી સ્વીકારી લો. આપણામાં પણ એ દોષ છે જ અને બીજામાં રહેવાનો જ છે..તેની ફરીયાદ ન કરો.

(૧૭) પોતાના કરતાં સારું નેતૃત્વ તૈયાર થાય ત્યારે પદ છોડવામાં ક્ષણ પણ ન લગાડો.. "હું છોડી દઇશ" એવી ધમકી કદી ન આપો. પણ "હું છોડવા માટે સદા તૈયાર છું" એવી લાગણી બધાના મનમાં ઉભી કરો/રાખો(ડર ન હોવો જોઇએ તેમ ચીટકુ છે તેવી ફરિયાદ પણ નહીં)

## શ્રુત સમાચાર

**૪૫ આગમ સટીક :** પૂજ્ય દીપરત્નસાગરજી મ.સા.દ્વારા (પૂજ્ય સાગરજી મ.સા. દ્વારા સંપાદન કરીને પ્રકાશિત કરેલા ટીકા સાથેના ૪૫ આગમગ્રંથોનું ) પ્રકાશન શ્રી વર્ધમાન જૈન આગમમંદિર - પાલીતાણા દ્વારા કરવામાં આવેલ છે. જેમાં દરેક પાના ઉપર જે તે શ્રુતસ્કંધ પત્રમાં રહેલ વિષય તેમજ પૂ.દીપરત્નસાગરજી દ્વારા છપાયેલ આગમગ્રંથોનો રેફરન્સ નંબર પણ આપવામાં આવેલ છે.

**૪૫ આગમ મૂળ :** પૂજ્ય પૂર્ણચંદ્રસાગરસૂરિજી દ્વારા ૪૫ આગમ મૂળનો સેટ પ્રતાકાર ફરીથી રીપ્રિન્ટ કરાવવામાં આવેલ છે. જે આગમપૂજા, પૂજન વગેરે માટે ખૂબ જ ઉપયોગી છે તો જેમને પણ જરૂર હોય તેઓ પૂજ્ય મ.સા. અથવા પ્રકાશકનો સંપર્ક કરવો

**શ્રુત પ્રેમી મિલન :-** પૂજ્ય આ.શ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ.મુનીરાજ ભવ્યસુંદરવિજયજી મ.સા.ની નિશ્રામાં જૈન મરચન્ટ સોસાયટી-પાલડી અમદાવાદમાં જ્ઞાનભંડારના સંચાલકો, ટ્રસ્ટીઓનું સ્નેહ મિલન તા.૧૭મી સપ્ટેમ્બરે યોજાયું જેમાં અમદાવાદના અગ્રણી જ્ઞાનભંડારના વહીવટકર્તા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સુરત, વડોદરા, સુરેન્દ્રનગર અને પાલનપુર થી પણ સંચાલકો હાજર રહ્યા હતા. પૂજ્ય ગુરુભગવંતોએ આજના સમયમાં જ્ઞાનભંડારના સંચાલકોનું એકબીજા સાથે વધારે સંકલન થાય અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એક સરખું લીસ્ટ બનાવીને જિજ્ઞાસુઓને, ગુરુ ભગવંતોને પુસ્તકો પહોંચાડી શકાય. શ્રુતસેવા માટે માર્ગદર્શન આપેલ.

**સૂર અને સંગીત :-** ભક્તિ ગીત સમ્રાટ કુમાર ચેટરજીનો ભવ્ય પ્રોગ્રામ શ્રી આંબાવાડી જૈન સંઘ તરફથી તા.૧૦ સપ્ટેમ્બર ના રોજ રાખવામાં આવેલ, જેમાં પૂ.આ.શ્રી કલ્યાણબોધિસૂરિજી તેમજ પૂ.આ.રાજહંસસૂરિજી મ.સા.એ નિશ્રા પ્રદાન કરી. શ્રી નમસ્કાર મહામંત્ર, શ્રી ભક્તામર સ્તોત્ર, શ્રી લોગસ્સ, શ્રી પદ્માવતી સ્તોત્ર અને શ્રી આનંદઘનજીના પદો, જુદા જુદા શાસ્ત્રીય રાગોમાં ગાઇને શ્રોતાઓને તરબોળ કર્યા હતા. જૈન મંત્રોનું ભક્તિમય વિવેચનની સાથે મંત્રોની શક્તિનું વર્ણનની સાથે પ્રેક્ટીકલ પ્રેઝન્ટેશન કર્યુ હતું. વિશાળ હોલમાં ૨૦૦૦ શ્રોતાઓની સાથે અમદાવાદના અગ્રણી આગેવાનો હાજર રહ્યા હતા.

**નમ્ર વિનંતિ :-** પૂજ્ય ગુરુભગવંતો તેમજ જ્ઞાનભંડારના સંચાલકો, ટ્રસ્ટીને ખાસ વિનંતિ કે તેમને જરૂરી હોય તે પુસ્તકોની શ્રી સંઘના લેટર પેડ ઉપર લખીને જે તે પ્રકાશક કે પ્રાપ્તિસ્થાનમાં લેખિતમાં મોકલવા વિનંતી છે. પત્ર, પોસ્ટ દ્વારા, કુરીયર થી કે **Whatsapp** કે **Email** થી પણ મોકલી શકાય. પરંતુ ફોન દ્વારા પુસ્તક ની માંગણી કરાય ત્યારે લખવાની અનુકુળતાઓનો અને તીવ્ર સ્મરણ શક્તિના અભાવે આપની માંગણી પૂર્ણ કરી શકાતી નથી માટે ફોન નો ઉપયોગ ન કરવા વિનંતિ છે.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket


પ્રકાશક :
**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર**
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org


પૂ.આ.શ્રી કૈલાશસાગરસૂરિ જ્ઞાનભંડાર
કોબા.